**વલસાડમાં સોશિયલ મીડિયા પર પ્રમોશન બિઝનેસની અદાવતમાં ખંડણીનો ચોંકાવનારો કિસ્સો**

# ઈન્સ્ટા. પેજ ડિલીટ કરવાની ધમકી, 10 લાખ ખંડણી

**ઇન્ટરનેશનલ નંબર પરથી બ્લેકમેઇલિંગ**

'valsad_vasi_' **પે**જના સંચાલક અને ડ્રોન ઓપરેટર 'valsad_views' ના 21 વર્ષીય યુવક પર કરાવી કોપીરાઇટ સ્ટ્રાઇક

**વલસાડમાં** વિડીયો બનાવવા માટે પરમિશન લેવા અને હાથ-પગ તોડી નાંખવાની આપી ધમકી

વલસાડ : ડિજીટલ યુગમાં સોશિયલ મીડિયા પર પ્રમોશન બિઝનેસમાં હવે ગળાકાપ સ્પર્ધા સાથે ગુનાહિત પ્રવૃત્તિઓ પણ સામે આવવા લાગી છે. આ સ્પર્ધા એટલી હદ સુધી વકરી છે કે, પોતાનું ઈન્સ્ટાગ્રામ પેજ ચલાવવા માટે અન્યના પેજને બંધ કરાવવા તેમજ ખંડણી માંગવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં વલસાડવાસી પેજ ચલાવનાર નિકુંજ મીનાએ રેલ્વે સ્ટેશનના ડ્રોન વિડીયોના કોપીરાઈટ મુદ્દે ૨૧ વર્ષીય સ્થાનિક ઈન્ફ્લુએન્ઝર યુવકને બ્લેકમેઈલ કરી ૧૦ લાખ જેટલી માતબર રકમની ખંડણી માંગી હતી. એટલું જ નહીં, યુવકને હાથ-પગ તોડી નાખવાની અને આજીવન કેદના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપવામાં આવતા યુવક પોલીસના શરણે પહોંચ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ ફરિયાદી રીતીક સુરેન્દ્રભાઈ સાહુ (ઉ.વ. ૨૧, રહે. સાંઈનગર, ગુંદલાવ, વલસાડ) ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર 'valsad views' નામના પેજ દ્વારા સ્થાનિક દુકાનો અને વ્યવસાયોના પ્રમોશનનું કામ કરે છે. તેણે ઉમરગામના શ્રેયાંશ યાદવ નામના ડ્રોન ઓપરેટર પાસેથી વલસાડ રેલ્વે સ્ટેશનની બહારનો ડ્રોન વિડીયો શૂટ કરાવ્યો હતો. આ કામ પેટે નક્કી થયેલા રૂપિયામાંથી ફરિયાદીએ શ્રેયાંશને ૨,૫૦૦ ચૂકવ્યા હતા અને વિડીયો ફૂટેજ મેળવી પોતાના સોશિયલ મીડિયા પેજ પર અપલોડ કર્યા હતા.

વિડીયો અપલોડ થયા બાદ, આરોપી શ્રેયાંશ યાદવે તીથલ રોડ પર રહેતા અને valsad vas^ પેજ ચલાવતા નિકુંજ સરદારસિંહ મીના સાથે મળીને ફરિયાદીના પેજ પર કોપીરાઈટ રિપોર્ટ (સ્ટ્રાઈક) કરાવી હતી. આ કોપીરાઈટના કારણે ફરિયાદીનું ૬ વર્ષ જૂનું બિઝનેસ પેજ ડીલીટ થવાની કગાર પર આવી ગયું હતું. જ્યારે રીતીકે કોપીરાઈટ હટાવવા માટે શ્રેયાંશનો સંપર્ક કર્યો, ત્યારે શ્રેયાંશે એવો દાવો કર્યો કે તેણે આ વિડીયો ફૂટેજ યુકે (UK)ના કોઈ અજાણ્યા વ્યક્તિને વેચી દીધા છે. ત્યારબાદ એક ઈન્ટરનેશનલ વોટ્સએપ નંબર (+૬૬ ૮૩૮૪૦૧૯૧૯) પરથી ફરિયાદી પાસે કોપીરાઈટ હટાવવાના નામે ૧૫,૦૦૦ની માંગણી કરવામાં આવી હતી.

મુદ્દો ત્યારે વધુ ગંભીર બન્યો જ્યારે આરોપી નિકુંજ મીનાએ ફરિયાદીને ધમકાવ્યો હતો. નિકુંજે શરત મૂકી કે જો ફરિયાદીએ વલસાડમાં પ્રમોશનના વિડીયો બનાવવા હોય, તો તેની પરમિશન લેવી પડશે અને લખાણ આપવું પડશે. નિકુંજે શરૂઆતમાં શ્રેયાંશના નામે ૨ લાખ માંગ્યા હતા. ફરિયાદીએ આટલી મોટી રકમ આપવાની ના પાડતા નિકુંજે ધમકી આપી હતી કે જો મારી જાણ બહાર વલસાડમાં વિડીયો બનાવીશ તો તારા હાથ-પગ તોડી નાખીશ અને આજીવન કેદ જેવા ગંભીર ગુનામાં ફસાવી દઈશ.

આ મુલાકાત બાદ રાત્રે આરોપી શ્રેયાંશ યાદવે પણ વોટ્સએપ પર મેસેજ કરીને સીધા ૧૦ લાખની બળજબરીપૂર્વક માંગણી કરી હતી. આરોપીઓના સતત ત્રાસ અને ધમકીઓથી કંટાળીને અંતે ફરિયાદી રીતીક સાહુએ પોતાના મિત્રોની મદદથી વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે બળજબરીથી નાણાં પડાવવા (ખંડણી) અંગે ગુનો નોંધ્યો છે.

### નિકુંજે અગાઉ પણ અનેક પેજ ઉડાવ્યા હતા

નિકુંજ મીનાને મળેલી જાહેરાત બીજા કોઇ પેજ પર ચાલે એટલે તુરંત જ એ સ્ટ્રાઇક મારી પેજ ઉડાવી દે છે. વલસાડમાં એક દુકાનદારે પહેલાં નિકુંજ મીનાના વલસાડવાસીના પેજ પર જાહેરાત આપી હતી. ત્યારબાદ તેણે એ જ જાહેરાત પોતાના એક મિત્રને આપી હતી. ત્યારે પહેલાં આ જાહેરાત વલસાડ વાસી પર ચાલી હોય નિકુંજ મીનાએ દુકાનદારના મિત્રના પેજ પર કોપીરાઇટ સ્ટ્રાઇક મારી તેનું પેજ ડિલીટ કરાવી દીધું હતુ. જેનાથી પેજ ચલાવનારની 2 વર્ષની મહેનતથી ઉભું કરેલું 50 હજારથી વધુ સસ્ક્રાઇબર ધરાવતું પેજ ડિલીટ થઇ ગયું હતુ. તેમજ એણે જે જાહેરાત ચલાવી તે નિકુંજે નહી પરંતુ દુકાનદારે જ શુટ કરાવી હતી. તેમ છતાં તેણે આવું કર્યું હતુ.

### લંડનથી ફોન કરનાર કોણ પોલીસ તપાસમાં બહાર નિકળશે ખરું

રૂપિયા 10 લાખની ખંડણીમાં લંડનના નંબરથી કોલ થયો હતો. જોકે, આ કોલ વલસાડથી જ થયો હોય એવી શક્યતાઓ લાગી રહી છે. તેણે પોતાના લંડન સ્થિત સંબંધી કે ઓળખિતા પાસે વોટ્સેપ નંબર મેળવી તેનાથી આ પ્રવૃત્તિ કરી હતી. જોકે, તેમણે એવું જણાવ્યું કે, તેણે ફૂટેજ લંડનમાં કોઇને વેંચ્યા હતા. લંડન રહેતા વ્યક્તિને વલસાડ રેલવે સ્ટેશનના વિડીયોનું શું કામ. ત્યારે પોલીસ નિકુંજની કડક હાથે પુછતાછ કરે તો તેનો રાઝ ખુલી શકે છે.

# ઓછું અનાજ આપતા રેશનિંગ દુકાનદારોના લાઇસન્સ રદ થશે

**વલસાડ** જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં કલેક્ટરનો કડક આદેશ

વલસાડ : વલસાડ જિલ્લા સંકલન સમિતિની શનિવારે મળેલી બેઠકમાં ધારાસભ્ય રમણભાઇ પાટકર દ્વારા સસ્તા અનાજના દુકાનધારક દ્વારા ઓછું અનાજ આપવાની ફરિયાદને લઇ, કલેક્ટરે સસ્તા અનાજના દુકાનધારકો સામે તપાસ હાથ ધરી, કાર્યવાહી સાથે લાયસન્સ રદ કરવાની કાર્યવાહી સુચના આપી છે. જો અનાજનો જથ્થો ઓછો આવે તો ગામની વિજિલન્સ કમિટીએ ચકાસણી કર્યા બાદ જ જથ્થો સ્વીકારવો જોઇએ. જિલ્લામાં કોઇપણ સસ્તા અનાજની દુકાનમાં ઓછો જથ્થો આપવા અંગે કોઇપણ ફરિયાદ આવશે તો તુરંત જ કાર્યવાહી કરવામાં આવશે. સાથે કલેક્ટર નીતિન સાંગવાને અધિકારીઓને અરજદારોના અરજીઓ પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવી ઝડપથી કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો. સાથે જિલ્લાની કચેરીઓની આકસ્મિક મુલાકાત લેવાશે. ધરમપુરનાં ધારાસભ્ય અરવિંદ પટેલે હંનમતમાળ ખાતે કોમ્યુનિટી હોલ બાંધકામ, બામટી ખાતે વિલંબમાં પડેલા કોમ્યુનિટી હોલનું બાંધકામ, ધરમપુરની માજી રાજબા કન્યા શાળાની જાળવણી અને હેરીટેજમાં લેવા અંગે રજૂઆત કરી હતી. બોરીગામ ગામે મંજુર થયેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા બાંધકામ, ડહેલી ઝરીપાડા ખાતે રસ્તો ખુલ્લો કરવા તેમજ ટ્રાયબલ સબપ્લાન કચેરી દ્વારા સમયસર ડાંગર કીટ આપવા રજુઆત કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વલસાડ ધારાસભ્ય ભરત પટેલ, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીના છીરીમાં યુવકે ફાંસો ખાધો

વાપી : વાપીના છીરીમાં હીરાનગર વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાં ઝાડની ડાળ ઉપર એક યુવકે ગળે ફાંસો ખાધો હોવાનું જોવા મળ્યું હતું. ૨૪ વર્ષના શિવમ નામના યુવકે કયા સંજોગોમાં ફાંસો ખાધો તેની પોલીસે તપાસ હાથ ધરી છે. ડુંગરા પોલીસ મથકમાં આ અંગે ગુનો નોંધી પોલીસે યુવકના મૃતદેહને પીએમ માટે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સંજાણ નજીક તુંબમાં મંડપ ડેકોરેટર્સના ગોડાઉનમાં આગ લાગી




ઉમરગામ : ઉમરગામ તાલુકાના તુંબ ગામે આવેલા મંડપ ડેકોરેટર્સના ગોડાઉનમાં આગ લાગતા માલ સામાન ગોડાઉન બળીને ખાખ થઈ જતા ભારે નુકસાન થયું હતું. ઉમરગામ તાલુકાના તુંબ ગામે આવેલા એક મંડપ ડેકોરેટર્સના ગોડાઉનમાં શુક્રવારે મોડી સાંજના આગ લાગી હતી. આજુબાજુના લોકોએ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યા હતો પરંતુ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ઘટનાની જાણ ફાયર વિભાગની ટીમને કરાતા ઉમરગામ નગરપાલિકા, ઉમરગામ નોટિફાઇડ અને સરીગામ ફાયર ફાઇટરોની ટીમ તથા પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ફાયર ફાઈટરની ટીમે પાણીનો મારો ચલાવી આગ ઉપર બે કલાકે કાબુ મેળવ્યો હતો. આગ લાગવાના કારણે ગોડાઉન સહિત મંડપ ડેકોરેશનનો સર સામાન બળી ગયો હતો. અને ભારે નુકસાન થયું હતું. આગ લાગવાનુ કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

### ડાંગનાં શામગહાન નજીક ટ્રક અને કાર ભટકાતા અકસ્માત




સાપુતારા : મહારાષ્ટ્રનાં નાસિક તરફથી માલ સામાનનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહેલો આઈસર ટેમ્પો અને સુરત તરફથી સાપુતારા તરફ જઈ રહેલી કાર નં. જી.જે.05.જે.ઈ.3991 જે બંને સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં શામગહાન નજીકનાં વળાંકમાં સામસામે ભટકાતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પો અને કારને બોનેટનાં ભાગે જંગી નુકસાન થયુ હતુ. જ્યારે કારમાં સવાર સુરતી પ્રવાસીઓને સામાન્ય ઈજાઓ પહોચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલો હોવાની વિગતો સાંપડેલી છે.

### પારડીમાં ગાંજા સાથે યુવક ઝડપાયો

પારડી : વલસાડ જિલ્લા પોલીસના નશાબંધી અને નાર્કોટિક્સ વિરોધી અભિયાન હેઠળ પારડી પોલીસે કલસર ચેકપોસ્ટ નજીકથી એક યુવકની ગાંજાના જથ્થા સાથે ધરપકડ કરી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પારડી પોલીસ ઇન્સ્પેક્ટર વાય. બી. ગોહિલની ટીમ જ્યારે વાહન ચેકિંગમાં હતી, ત્યારે દમણ તરફથી આવતી એક સ્પ્લેન્ડર મોટરસાયકલ GJ-15-EL-5869ને રોકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ચાલકના કમરના ભાગેથી પ્લાસ્ટિકની થેલીમાં છુપાવેલો 65.22 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે આરોપી દેવેન્દ્ર રમેશભાઈ પટેલ (ઉ.વ. ૨૨, રહે. પારનેરા, વલસાડ)ની ધરપકડ કરી ગુનામાં વપરાયેલી બાઇક અને મોબાઇલ સહિત કુલ ૫૬,૨૬૧નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગાંજો દમણના સોમનાથ વિસ્તારમાં માછલી વેચતી અજાણી મહિલા પાસેથી લાવવામાં આવ્યો હતો, જેને પોલીસે વોન્ટેડ જાહેર કરી છે. ઝડપાયેલા આરોપી સામે અગાઉ પણ દારૂબંધીના ગુના નોંધાઈ ચૂક્યા છે. આ સમગ્ર કાર્યવાહી પારડીના પોલીસ ઇન્સ્પેક્ટર વાય.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ આસિસ્ટન્ટ પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ અર્જુનભાઈ ઠાકુર, જી.આર.ડી. સભ્ય અનિકેત મનોજભાઈ પટેલ તથા એસ.આર.ડી. સભ્ય રીન્કલભાઈ સતીષભાઈ પટેલે સફળતાપૂર્વક પાર પાડી હતી.

### સરીગામ GIDCમાં ટ્રકે સાઈકલસવાર કામદારને અડફેટે લેતાં મોત

ઉમરગામ: સરીગામ જીઆઇડીસીમાં ટ્રકે સાઈકલસવાર કામદારને અડફેટે લેતાં મોત નીપજ્યું હતું. કરજગામ આગરીવાડમાં રહેતા વિજેન્દ્ર રામજતન યાદવ (ઉં.વ.46, મૂળ બિહાર) સરીગામ GIDCની દામોદર કંપનીમાં ઓપરેટર તરીકે નોકરી કરે છે. સવારે 6:40 કલાકે સાઈકલ ઉપર નોકરીએ જતાં હતા, તે વખતે સરીગામ જીઆઇડીસી રોડ કેલીમારા કંપની પાસે હાઈવા ભારત બેન્ચ ગાડી ટ્રકચાલકે પોતાની ટ્રક તેમની સાઈકલને ટક્કર મારતા વિજેન્દ્ર યાદવ ગંભીર રીતે ઇજાગ્રસ્ત બન્યો હતો અને મોત નીપજવા પામ્યું હતું. સરીગામ પોલીસે ટ્રકચાલકની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પારડીના પોણિયા રોડ પર શિવમંગલ સોસાયટીમાં GEBના ટ્રાન્સફોર્મરમાં આગ

પારડી : પારડીના પોણિયા રોડ પર આવેલી શિવમંગલ સોસાયટીમાં જી.ઈ.બી. (GEB) ના ટ્રાન્સફોર્મર અને ફ્યુઝ બોક્સમાં અચાનક આગ ફાટી નીકળવાની ઘટના સામે આવી હતી. ટ્રાન્સફોર્મરમાંથી આવતા વાયરોમાં લાગેલી આગ જોતજોતામાં પ્રસરી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પારડી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુદ્ધના ધોરણે પાણીનો મારો ચલાવી થોડી જ વારમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. આ સાથે જ જી.ઈ.બી. ના કર્મચારીઓ પણ તુરંત સ્થળ પર પહોંચી ગયા હતા અને વીજ લાઈન દુરસ્તીની કામગીરી હાથ ધરી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પ્રાથમિક અનુમાન મુજબ, ભારે ગરમીના કારણે ઓવરહિટીંગ અથવા શોર્ટ સર્કિટ થવાથી આ આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે.

# તીથલ-ઉમરગામના બીચને ડેવલપ કરવામાં આવશે

**વલસાડ** જિલ્લા પ્રવાસન સમિતિની બેઠકમાં નિર્ણય લેવાયો



વલસાડઃ વલસાડ જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક કલેકટરાલયના સભાખંડમાં મળી હતી. વલસાડ જિલ્લાના પ્રવાસન સ્થળોને ડેવલપ કરવા અંગે ધારાસભ્યો રમણભાઈ પાટકર, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ સહિત અધિકારીઓની મળેલી બેઠકમાં વિવિધ પાસાઓની છણાવટ કરવામાં આવી હતી.

જેમાં સર્વપ્રથમ તીથલ, નારગોલ અને ઉમરગામ બીચને સુદઢ બનાવવા આવશે. જેમાં પ્રવાસીઓને એક્ટિવિટી, બોટિંગ, પેરાસેલિંગ જેવી પ્રવૃતિ સેફ્ટી સાથે કરી શકે તેવી સુવિધા રાજ્ય સરકાર અને લોકભાગીદારીથી ઊભી કરાશે.

કલેકટર નીતિન સાંગવાને જણાવ્યું હતું કે, આ માટે પ્રાંત, તાલુકા વિકાસ અધિકારી અને ચીફ ઓફિસરની કમિટી બનાવી, કાર્યવાહી કરવામાં આવશે. આ માટે છ માસમાં ટેન્ડર સહિતની તમામ કામગીરી પૂર્ણ કરી, એજન્સી નિયત કરવામાં આવશે. સ્થળોની મુલાકાત કરીને સુદઢ આયોજન થાય તેવા તમામ પ્રયાસો કરવામાં આવશે. કલેક્ટરે તીથલ દરિયાકિનારે મોટા પત્થરો ખસી ન જાય તે માટે કાયમી ઉકેલ લાવવા પ્લાન બનાવવા પણ સંબંધિત અધિકારીને સૂચના આપી સ્વામીનારાયણ મંદિરથી તીથલ સુધી વેધરપ્રુફ બ્યુટીફિકેશન કરવા પણ સૂચન કરાયું હતું. તેમણે પ્રવાસન સ્થળોએ કોઈપણ ગંદકી ન થાય તે માટે કડક સૂચનાઓ સાથે દંડનીય કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતું.

બેઠકમાં ભીલકાઇ માતાનું મંદિર ભિલાડ અને કલગામ મંદિરનો વિકાસ, ધરમપુરના પાંચ મંદિરોમાં સોલાર રૂફટોપની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. સાથે ફતેપુરા કપરાડાને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા પણ વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તલાટીઓ કામગીરીથી દૂર રહેતા લોકોને હાલાકી



**નાનાપોંઢા** અને કપરાડા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પડતર માંગણીઓને લઈ ધારાસભ્યને રજૂઆત

વલસાડઃ રાજ્ય સંઘના આદેશ બાદ કપરાડા અને નાનાપોંઢા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીને આવેદનપત્ર આપી સહકાર આપવા માટે વિનંતી કરવામા આવી હતી. કામગીરી બંધ રહેતા લોકોના અનેક કામો અટવાય ગયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહા મંડળ દ્વારા પડતર માંગણીઓ સંદર્ભે 3 જુલાઈથી ગામ નમૂના ન.1 થી 18 સહિતની મહેસૂલી કામગીરી તથા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયના અન્ય તમામ વિભાગોની કામગીરી બંધ રહેશે તેવો આદેશ બાદ નાનાપોંઢા અને કપરાડા તાલુકાના તલાટી કમ મંત્રીઓએ પણ આદેશ મુજબની કામગીરી બંધ કરતાં લોકોના મહત્ત્વના કામો અટવાઈ ગયા છે.

રેશન કાર્ડ ઈ.કે.વાય. સી.અંતર્ગતની કામગીરી, આધાર કાર્ડ વેરી ફિકેશન અંગેની કામગીરી, વારસાઈ રજિસ્ટર, પેઢીનામા અંતર્ગતની કામગીરી, ફોરેસ્ટ રજિસ્ટર, કાયમી ખરડો, ખેતર વારિ પત્રક, ગામ તલની રસ્તા, સરવે નંબર સિવાયની કામગીરી, જમીન મહેસૂલ નિયમ.81 સિવાયની જમીન, ઠરાવ બંધ, જમીન ખાતાવાહી, શિક્ષણ ઉપકરની ખાતાવાહી, પરિપત્રની ફાઈલ, રેશન કાર્ડ અંતર્ગતની તલાટીને સોંપાયેલી કામગીરી સહિત 50થી વધુ કામગીરી બંધ રહેતા લોકો અટવાઈ રહ્યા છે.



# નાનાપોંઢા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘની પ્રથમ ચૂંટણી યોજાઇ

**પ્રમુખ** તરીકે મિતેષ પટેલ, ઉપ પ્રમુખ તરીકે અશોક માહલા વિજેતા

વલસાડ : કપરાડા તાલુકાથી અલગ થઈ નવા બનેલા નવ નિર્મિત નાનાપોંઢા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની શનિવારે યોજાયેલી પ્રથમ ચૂંટણીના મોડી સાંજે આવેલા પરિણામમાં શિક્ષક સમર્પણ પેનલના ઉમેદવાર મિતેષ પટેલનો વિજય થયો હતો. તેમણે નવ શક્તિ પેનલના ઉમેદવાર અજય પટેલને 53 મતે હરાવ્યા હતા. જ્યારે ઉપ પ્રમુખ તરીકે અશોકભાઈ માહલા વિજેતા જાહેર થયા હતા. જ્યારે મહામંત્રી તરીકે તેજસ ભાઈ એમ.પટેલ, સહ મંત્રી તરીકે જીગ્નેશ રમણ પટેલ વિજેતા થયા હતા.

નોંધનીય છેકે મિતેષ પટેલ કપરાડા તાલુકા શિક્ષક સંઘમાં પણ પ્રમુખ તરીકે એક ટર્મ ફરજ બજાવી હતી. સમર્પણ પેનલમાં ખજાનચી સિવાય તમામ હોદેદારો વિજેતા બન્યા હતા.

ચૂંટણીમાં તાલુકાની વિવિધ શાળાઓના શિક્ષકોએ ચૂંટણીમાં મતદાન કર્યું હતું. પ્રમુખ મિતેષ પટેલે શિક્ષકોના હિતમાં, તેમની સમસ્યાઓ, મુશ્કેલીઓ દૂર કરવા પ્રયાસો કરશે સાથે ઓ.પી.એસ., ફરજિયાત ટેટ પરીક્ષા સહિતના મુદ્દાઓ માટે કાર્યવાહી કરાશે તેમ પત્રકારોને જણાવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### સેલવાસમાં સ્વામિનારાયણ ભગવાનની ભવ્ય રથયાત્રા સંપન્ન



વાપી : દાદરા નગર હવેલીના સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ભગવાન સ્વામિ નારાયણની રથયા ત્રાનું અત્યંત ભક્તિમ ય અને ઉ ત્સા હપૂર્ણ આયોજન કરવા માં આવ્યું હતું. જે માં હરિભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રથયાત્રાનું મુખ્ય આકર્ષણ બે ભવ્ય રથ હતાં. પ્રથમ રથમાં સંતો અને ભાઈઓ જોડાયા હતા, જ્યારે બીજા રથમાં બહેનો માટેની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ રથોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી અને પ્રગટ ગુરુ હરિ મહંત સ્વામી મહારાજની અનોખું આકર્ષણ ધરાવતી દિવ્ય મૂર્તિઓ બિરાજમાન કરવામાં આવી હતી. જેના ભાવિક ભક્તોએ આશીર્વાદ પ્રાપ્ત કર્યાં હતાં. રથયાત્રા બાદ આયોજિત સભામાં ચિન્મયદાસ સ્વામીએ ઉપસ્થિત ભક્તોને ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રાનો મહિમા સમજાવ્યો હતો. તેમણે મહાભારત કાળથી લઈને ભગવાન શ્રીકૃષ્ણના ધામ-ગમન સુધીની રસપ્રદ અને વિસ્તૃત કથા સંભળાવી હતી. સ્વામીજીએ ભગવાન જગન્નાથના સ્વરૂપ અને રથયાત્રાના આધ્યાત્મિક મહત્વ પર પ્રકાશ પાડીને ભક્તોને ભક્તિના માર્ગે અગ્રેસર થવાની પ્રેરણા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સેલવાસના વાતાવરણમાં ભક્તિનો રંગ છવાયેલો રહ્યો હતો અને હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

### વાપી કોલેજમાં જગન્નાથ યાત્રાની ઉજવણી



વાપી : વાપી આર.કે. દેસાઈ કોલેજ ઓફ પી.ટી.સી.માં અષાઢી બીજ અને ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભગવાન શ્રી જગન્નાથજીની આકર્ષક ઝાંખી તૈયાર કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પી.ટી.સી. કોલેજના આચાર્યા સરોજબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું અને અધ્યાપકો કુંજલબેન ટંડેલ અને દીપ પટેલે સંચાલકની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ ભક્તિમય વાતાવરણ વચ્ચે ભગવાનની રથયાત્રા કાઢવામાં આવી, જેમાં સંસ્થાના સર્વ આચાર્યો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઇ કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને આધ્યાત્મિક મૂલ્યોનું સુંદર સંવર્ધન થયું હતું. આમ કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહએ અભિનંદન પાઠવ્યા હતાં.

### પારડીમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું મુસ્લિમ સમાજે સ્વાગત કર્યુ




પારડી : પારડી નગરમાં અષાઢી દૂજના પવિત્ર પર્વે અદભુત ભક્તિમય માહોલ જોવા મળ્યો છે. શ્રદ્ધા સાથે પારડી નગરમાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામજીની ભવ્ય રથયાત્રા યોજાઈ હતી. આ રથયાત્રામાં હિન્દુ-મુસ્લિમ કોમી એકતાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ સાબિત થઈ છે. આ રથયાત્રાનું મુસ્લિમ સમાજના અગ્રણીઓ ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ ફેઝલ ઈકબાલ મલેક, અલી અંસારી, બસીરભાઈ, અનવરભાઈ, આરીફ દમણિયા, સઈદ શેખ, લઘુમતી સમાજના તમામ આગેવાનોની ઉપસ્થિતિમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશ પટેલે મુસ્લિમ સમાજના આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### દમણની શ્રીનાથજી સ્કૂલમાં વિદ્યાર્થી પરિષદની શપથવિધિ યોજાઇ



દમણ : સંઘપ્રદેશ દમણના વરકુંડ સ્થિત આવેલી શ્રીનાથજી સ્કૂલમાં વિદ્યાર્થી પરિષદની શપથવિધિનો કાર્યક્રમ યોજાયો હતો. શાળાના હેડ બોય, વાઇસ હેડ બોય, હેડ ગર્લ, વાઇસ હેડ ગર્લ, સ્પોર્ટ્સ કેપ્ટન, વાઇસ સ્પોર્ટ્સ કેપ્ટન તેમજ વિવિધ હાઉસના કેપ્ટનોને શપથ લેવડાવવામાં આવી હતી. શાળાના આચાર્ય અને શિક્ષકગણની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થી આગેવાનોએ શાળાની શિસ્ત, જવાબદારી, નેતૃત્વ અને સેવા ભાવનાથી પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થી પરિષદની સફળ રચના અને શપથવિધિ કાર્યક્રમના સફળ આયોજન બદલ શાળાના આચાર્ય તથા સમગ્ર શિક્ષકમંડળને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.